પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૩૧, કુલ પાના:૪, તારીખ: ૨૬-૦૧-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 131 PRICE :-RS. 1.50 DATE : 26-01-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### પંજાબ-હરિયાણા-યૂપી-ઉત્તરાખંડ-રાજસ્થાનથી ટ્રેક્ટરો લઈ દિલ્હી પહોંચ્યા

## કૃષિ કાનૂનના વિરોધમાં આજે દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલી

ન્યુ દિલ્હી, કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂત આંદોલનનો આજે ૬૧મો દિવસ છે. દિલ્હીમાં ગણતંત્ર દિવસ પર પહેલી વખત ખેડૂત ટ્રેક્ટર પરેડ કાઢશે, કારણ કે ઘણા વખતની ચર્ચા પછી દિલ્હી પોલીસે ખેડૂતોની પરેડને મંજૂરી આપી દીધી છે. જો કે, પરેડના રૂટ અંગે સસ્પેન્સ યથાવત છે. આ અંગે પોલીસ અને ખેડૂતોના અલગ અલગ દાવા છે.દિલ્હી પોલીસ કમિશનર એસએન શ્રીવાસ્તવે સોમવારે કહ્યું કે, ખેડૂત નેતાઓ સાથે વાતચીત પછી ટ્રેક્ટર રેલીના ૩ રૂટ માટે સહમતિ બની ગઈ છે. અમે રૂટની મુલાકાત પણ કરી. અમુક દેશ વિરોધી તત્વ ગરબડ કરી શકે છે, જેના માટે અમે સતર્ક છીએ.પરેડ ત્રણ જગ્યાઓથી શરૂ થશે, જેમાં સિંઘુ, ટિકરી અને ગાજીપુર બોર્ડરનો સમાવેશ થાય છે. આ ટ્રેક્ટર રેલીમાં પંજાબ, હરિયાણા અને પશ્ચિમ ઉત્તર પ્રદેશના હજારો ખેડૂતો સામેલ થશે. દિલ્હીમાં આંદોલન કરી રહેલાં ખેડૂતોમાં સૌથી વધુ પંજાબ અને હરિયાણાના ખેડૂતો સામેલ છે. ૨૬ જાન્યુઆરીએ દિલ્હીમાં કાઢવામાં આવનારી ટ્રેક્ટર પરેડમાં સામેલ થવા માટે દેશભરમાંથી ખેડૂતો દિલ્હી પહોંચી રહ્યા છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ કમિશનર દીપેન્દ્ર પાઠકે જણાવ્યું હતું કે સંયુક્ત ખેડૂત મોરચાને સિંધુ અને ટિકરીથી લગભગ ૬૪ કિમી અને ગાઝીપુર બોર્ડરથી ૪૬ કિલોમીટરની પરેડ કાઢવાની મંજૂરી આપવામાં આવી છે.



મંગળવારે ખેડૂતો ટ્રેક્ટર પરેડથી સંબંધિત કાયદા-વ્યવસ્થા માટે સંક્ષિપ્ત સૂચના પર ચાલવા માટે તમામ રીતે તૈયાર રહેવું પડશે.પોલીસે કહ્યું છે કે, ટ્રેક્ટર પરેડ દિલ્હીના ત્રણ સીમા બિંદુ જેવા કે, સિંઘુ, ટિકરી અને ગાઝીપૂરથી આયોજિત કરવામાં આવશે અને આ અંગે પર્યાપ્ત સુરક્ષા પણ ગોઠવવામાં આવશે. ખેડૂત નેતાઓએ પ્રજાસત્તાક દિવસ ટ્રેક્ટર પરેડમાં સામેલ થતા લોકોને ૨૪ કલાક માટે રાશન ઉપલબ્ધ કરાવવાની સાથે જ પરેડ દરમિયાન શાંતિ જાળવી રાખવા અપીલ કરી હતી. ખેડૂત નેતા હરિંદરસિંહ લખોવાલે કહ્યું કે, અમારો રૂટમેપ કુલ ૫૦૦ કિલોમીટરનો છે. અમે રૂટમેપ બનાવી લીધો છે અને કાલે નેટ પર પણ મુકી દઈશું. સરકાર તમામ પ્રકારની તૈયારી કરે જેથી કોઈ પ્રકારની મુશ્કેલી ન થાય. અમે ૩ હજાર વોલિન્ટિયર્સની ફોર્સ બનાવી છે. આથી કોઈ ગડબડ ન થાય અને ટ્રેક્ટર રેલી શાંતિપૂર્વક થશે. પ્રજાસત્તાક દિવસ નિમિત્તે યોજાનારી ટ્રેક્ટર પરેડમાં જોડાવવા માટે મોટી સંખ્યામાં ખેડૂતો ગાઝીપુર બોર્ડર પર પહોંચી રહ્યા છે.પ્રજાસત્તાક દિવસના અવસર ઉપર દિલ્હીમાં ખેડૂતો દ્વારા ટ્રેક્ટર રેલી યોજાનાર છે. જેમાં હજારો ખેડીતો ભાગ લેનાર છે. ત્યારે ઉત્તર પ્રદેશના ખેડૂતોને આ રેલીમાં ભાગ લેતા રોકવા માટે ઉત્તર પ્રદેશ સરકાર કડક વલણ અપનાવી રહી છે. આગ્રા ક્ષેત્રમાં ૧૦૦ જેટલા ખેડૂત નેતાઓને નજરબંધ કરવામાં આવ્યા છે. તો બીજી તરફ ઉત્તર પ્રદેશ અને દિલ્હી બોર્ડરને સીલ કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશ પોલીસ આગ્રા બોર્ડર પર સઘન ચેકિંગ કરી રહી છે. ટ્રેક્ટરોને દિલ્હી જતા રોકવામાં આવી રહયા છે.




### રાફેલ ફાઈટર જેટ પ્રથમવાર પરેડમાં ભાગ લેશે, મહિલા ફાઈટર નજરે પડશે

## કોરોના મહામારી વચ્ચે આજે દેશમાં ૭૨માં પ્રજાસત્તાક દિવસની ઊજવણી કરાશે

૨૬ જાન્યુઆરીએ દેશ પોતાનો ૭૨મો પ્રજાસત્તાક દિવસ મનાવવા જઈ રહ્યો છે. દર વર્ષે આ ઐતિહાસિક પ્રસંગે રાજપથ પર ભવ્ય સમારંભનુ આયોજન થાય છે પરંતુ આ વખતે કોરોના મહામારીના કારણે ભવ્ય આયોજન નથી થઈ રહ્યુ. આ વખતે તમને રાજપથ પર નાની પરેડ જોવા નહિ મળે. એટલુ જ નહિ આ વખતે ગણતંત્ર દિવસ કાર્યક્રમમાં કોઈ ચીફ ગેસ્ટ પણ નથી. તમને જણાવી દઈએ કે પહેલા બ્રિટિશ પીએમ બોરિસ જૉનસનને ભારત આવવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા પરંતુ બ્રિટનમાં નવા કોવિડ-૧૯ સ્ટ્રેનના વધતા પ્રકોપના કારણે તેમનુ આવવાનુ કેન્સલ થઈ ગયુ.

ધ્વજારોહણ - ૨૬ જાન્યુઆરીએ મંગળવારે સવારે ૮ વાગે થશે. ગણતંત્ર દિવસ પરેડ સવારે ૯.૩૦ વાગે રાષ્ટ્રપતિ ભવનથી શરૂ થશે અને ઈન્ડિયા ગેટ પર ખતમ થશે. પરેડનો રૂટ વિજય ચોકથી રાજપથ, અમર જવાન જ્યોતિ, ઈન્ડિયા ગેટ પ્રિન્સેસ પેલેસ, તિલક માર્ગ થઈને છેલ્લે ઈન્ડિયા ગેટ પહોંચશે.

રાફેલ ફાઈટર જેટ, પહેલી વાર પરેડમાં ભાગ લેશે. વળી, ભારતની પહેલી મહિલા ફાઈટર પાયલટ ભાવના કંઠ ટુકડી સાથે દેખાશે. પરેડમાં બાંગ્લાદેશ સશસ્ત્ર દળોની આર્મી બેંડ પણ પરેડમાં શામેલ થશે. વળી, કોરોના વાયરસના કારણે મોટર સાઈકલ સ્ટંટ નહિ જોવા મળે.ગણતંત્ર દિવસ ૨૦૨૧ સમારંભમાં માત્ર ૨૫,૦૦૦ લોકો જ હશે. વળી, ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને એન્ટ્રી નથી.



માત્ર ૨૦૦ મીડિયા પ્રતિનિધિઓને મંજૂરી મળી છે. બહાદૂરી પુરસ્કાર મેળવનાર બાળકો પણ ૭૨માં ગણતંત્ર દિવસ સમારંભમાં નહિ હોય. આ વખતે રાજપથ પર પહેલી વાર ડીબીટીની ઝાંકી દેખાશે કે જે કોરોના વેક્સીન વિશે લોકોને જણાવશે.

### આરબીઆઇનો ખુલાસો

## ૧૦૦, ૧૦ અને ૫ રુપિયાની જૂની નોટો પરત નહીં ખેંચવામાં આવે

મુંબઈ,

માર્ચ મહિના પછી પાંચ, ૧૦ અને ૧૦૦ રૂપિયાની અમુક ચલણી નોટો માર્ચ મહિના પછી નહીં ચાલે તેવા અહેવાલ પર રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા તરફથી સ્પષ્ટતા કરવામાં આવી છે. આરબીઆઈએ આજે (સોમવારે) પોતાના અધિકૃત ટ્વીટર હેન્ડલ પરથી ટ્વીટ કરીને સ્પષ્ટતા કરી છે કે આ અંગેના જે અહેવાલ ફરતા થયા છે તેમાં કોઈ તથ્યો નથી. આરબીઆઈની આવી કોઈ યોજના નથી. નોંધનીય છે કે ભારતીય રિઝર્વ બેંક તરફથી ૧૦૦ રુપિયાની નવી નોટ વર્ષ ૨૦૧૯માં જાહેર કરવામાં આવી હતી.

આરબીઆઈ તરફથી સોમવારે ટ્વીટ કરવામાં આવ્યું છે કે, "મીડિયામાં ૧૦૦, ૧૦ અને પાંચ રૂપિયાની ચલણી નોટો નજીકના ભવિષ્યમાં બંધ કરવામાં આવશે તેવા પ્રગટ થયેલા અહેવાલ સત્યથી વિહોણા છે. અમે સ્પષ્ટ કરીએ છીએ કે આ અહેવાલ ખોટા છે."તાજેતરમાં એવા અહેવાલ વહેતા થયા હતા કે માર્ચ, એપ્રિલ પછી ૧૦૦, ૧૦ અને ૫ની જૂની નોટો ચલણમાં નહીં રહે. આ જાણકારી રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયાના જનરલ મેનેજર બી મહેશે આપી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. દાવો કરવામાં આવ્યો હતો કે આરબીઆઈ જૂની નોટોની સીરિઝ પરત લેવાની યોજના પર કામ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૬માં સરકારે એકાએક ૫૦૦ અને ૧૦૦૦ રુપિયાની જૂની નોટો બંધ કરી દીધી હતી, જેનાથી અફરાતફરી મચી હતી. ૧૦૦,૧૦ અને પાંચ રૂપિયાની જૂની નોટો બંધ થવાના અહેવાલ બાદ પણ લોકોમાં થોડો ફફડાટ જોવા મળ્યો હતો.

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**

# મહીસાગર જિલ્લાનું ગૌરવ રાજય કક્ષાએ શ્રેષ્ઠ મતદાર નોંધણી અધિકારીનો એવોર્ડ પ્રાપ્ત કરતાં બાલાસિનોરના પ્રાંત અધિકારી

લુણાવાડા, ભારતના લોકશાહી તંત્રમાં મહાપર્વ સમાન લોકતાંત્રિક રીતે યોજાતી ચૂંટણીઓમાં ભારતનો દરેક નાગરિક બંધારણીય રીતે પોતાને પ્રાપ્ત થયેલ મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મતદાર યદીમાં નામ નોંધાવેલ હોવું જરૂરી છે. દરેક નાગરિક પોતાનું નામ મતદાર યાદીમાં નોંધવી શકે તે માટે લોકશાહી તંત્રમાં વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં આવ્યું છે. આ વ્યવસ્થાતંત્ર અનુસાર મતદાર યાદીમાં નામ નોંધણી કરાવવું, નામ કમી કરાવવા, નામમાં સુધારા કરાવવા જેવી કામગીરી અવિરત ચાલતી હોય છે. આ



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

મતદારયાદી સુધારણા કાર્યક્રમ એટલે કે એસ.એસ.આર.૨૦ મતદાર યાદી સુધારણાની કામગીરી દરમિયાન રાજય અને જિલ્લા કક્ષાએ જે અધિકારી–કર્મચારીઓએ ઉત્કૃષ્ટ કામગીરી બજાવી હોય તેવા અધિકારી–કર્મચારીઓને રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી અંતર્ગત સન્માનિત કરવામાં આવે છે.તદ્અનુસાર ૧૨૧–બાલાસિનોર વિધાનસભા મતવિભાગમાં મતદાર યાદીમાં નામ નોંધણી, નામ કમી કરવા, નામમાં સુધારા કરવા જેવી ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ રાજય કક્ષાએ બાલાસિનોરના પ્રાંત અધિકારી વિમલ ચૌધરીએ શ્રેષ્ઠ મતદાર નોંધણી અધિકારી તરીકેનો એવોર્ડ પ્રાપ્ત કરીને મહીસાગર જિલ્લાને ગૌરવ અપાવ્યું છે. બાલાસિનોરના પ્રાંત અધિકારી વિમલ ચૌધરીને રાજય કક્ષાએ શ્રેષ્ઠ મતદાર નોંધણી અધિકારી તરીકેનો એવોર્ડ મળતાં વિમલ ચૌધરી સહિત તેમની સમગ્ર ટીમને જિલ્લા કલેકટર આર. બી. બારડ, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, જિલ્લા પોલીસવડા બારોટ, નિવાસ અધિક કલેકટર આર. આર. ઠકકર સહિત જિલ્લા–તાલુકાના તમામ અધિકારીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# લુણાવાડા મામલતદાર કચેરી ખાતે ૧૧ મા રાષ્ટ્રીય મતદાતા દીવસની ઉજવણી કરવામાં આવી

લુણાવાડા, લુણાવાડા મામલતદાર કચેરી ખાતે ૧૧ મા રાષ્ટ્રીય મતદાતા દીવસની ઉજવણી કરવામાં આવી. જેમાં મામલતદાર આઇ.એચ.પટેલ હાજર રહયા. જેમાં કેમ્પસ એમ્બેસેડર્સ, દિવ્યાંગ મતદારો, યુવા મતદારો અને વૃધ્ધ મતદારોનુ સન્માન કરવામાં આવ્યુ સાથે ચુંટણી પંચ દ્વારા e-epic લોન્ચીંગ અંગે મતદારોને માહિતિ આપવામાં આવી સાથે મતદારોને વોટર્સ હેલ્પલાઇન એપ, એન.વી.એસ.પી. પોર્ટલ મારફતે ડીઝીટલ ક્ષેત્રનો ઉપયોગ કરી મતદાર તરીકેની વિગતો ચકાસવા તથા વધુમાં વધુ મતદારોની નોંધણી થાય તે અંગે લુણાવાડાના વિવિધ સ્થળોએ પોસ્ટર લગાવી તથા તમામ બુથ ખાતે પ્રતિજ્ઞાનુ વાંચન કરાવવામાં આવ્યું.


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

# આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમા "રાષ્ટ્રીય મતદાતા દિવસ"ની ભવ્ય ઉજવણી કરવામાં આવી



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, NSS અને NCC યુનિટ તરફથી આજરોજ ૨૫ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ "રાષ્ટ્રીય મતદાતા દિવસ"ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંતરામપુર પ્રાંત ઓફિસર મા. કૌશિક જાદવ તથા સંતરામપુર મામલતદાર મા. કે જે વાઘેલા ઉપસ્થિત રહ્યા હતાં.મા. જઉખે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે દેશમાં યુવાનોની સંખ્યા સૌથી વધારે છે.તેઓ સમાજમાં મતદાર જાગૃતિ કાર્યક્રમમાં મહત્વની ભુમિકા ભજવી શકે છે. પોતે પોતાનુ ચુંટણી કાર્ડ કઢાવે. સાથે સાથે ઘર પરિવાર અને ગામ લોકોમાં પણ આ અંગે જાગૃતિ ફેલાવે.જો યુવાઓ આ કામગીરી નિભાવે તો દેશમાં મતદાનની ટકાવારી વધારી શકાય અને લોકશાહી ને વધું મજબુત બનાવી શકાય.લોકશાહી નો આધાર ચુંટણી છે અને ચુંટણીનો આધાર મતદાન છે.માં મામલતદારે મતદાતા દિવસ અંગે જાણકારી આપી હતી. તમામ વિદ્યાર્થીઓ અને મહેમાનોએ મતદાન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.ક્ષતત પોગ્રામ ઓફિસર ડો અમૃત ઠાકોરે મહેમાનોનું શબ્દો થી સ્વાગત કર્યું હતુ.ક્ષભભ લે.ડો કામિની દશોરા એ આભાર વિધી કરી. કાર્યક્રમ નું સંચાલન પ્રો. નીતિન પંડ્યા એ કર્યું હતુ.

# મહીસાગર જિલ્લામાં આજે ૦૧ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૫–૦૧–૨૦૨૧ના સાંજના ૫–૩૦ વાગ્યા સુધીમાં ૧૯૯૧ કેસ પોઝીટીવ નોધાયા છે.આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૩૬ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૧૧૮૮૮૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે.

# મહીસાગર ખાતે ૧૧મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરાઈ

- ચૂંટણી પંચ દ્વારા ઈ-એપિક લોન્ચ કરવામાં આવી.
- મોબાઈલમાં ચૂંટણી કાર્ડ ડાઉનલોડ કરી શકાશે.
- જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારી-કર્મચારીઓને સન્માનિત કરાયા.

લુણાવાડા, મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે જિલ્લા કલેકટર આર. બી. બારડની અધ્યક્ષતામાં કલેકટર કચેરીના સભાખંડમાં ૧૧મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા કલેકટર આર. બી. બારડે ભારત જેવા દુનિયાના સૌથી મોટી લોકશાહી ધરાવતા દેશમાં લોકતંત્રની જીત ત્યારે જ થાય જયારે સૌ મતદારો તેમની ફરજ ઉત્સાહ ભેર નિભાવે, ભારતનુ લોકતંત્ર દરેક મતદારને પોતાની પસંદગીના પ્રતિનિધિ ચૂંટવાની સમાન તક આપે છે. આ આપણને સમાન રીતે મળેલો મહત્વપૂર્ણ અધિકાર છે. ૨૫ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે ભારતના ચૂંટણીપંચની સ્થાપના થઇ હતી અને તેની યાદગીરી રૂપે વર્ષ ૨૦૧૧ થી ૨૫મી જાન્યુઆરીને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે તેમ જણાવી તેમણે વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા ભારત દેશની લોકશાહીને મજબૂત બનાવવા વર્તમાન ટેકનોલોજીના યુગમાં લોકો જાગૃત બની કોઈપણ ભય વગર નિષ્પક્ષ રીતે મતદાન કરે તે ખુબ જરૂરી હોવાનું કહ્યું હતું.

૧૧મા રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણી અંતર્ગત આજે ભારતના ચૂંટણી પંચ દ્વારા ઓનલાઈન ચૂંટણી કાર્ડ જનરેટ કરવાની સુવિધા શરૂ કરવામાં આવી છે. જેમાં nvsp.in , voterportal.eci.gov.in તથા VOTER HELPLINE એન્ડ્રોઈડ મોબાઈલ એપ્લીકેશન મારફત ડાઉનલોડ કરી શકાશે. ઉપરાંત પ્રથમ તબક્કામાં છેલ્લા મતદારયાદી સુધારણા કાર્યક્રમ એટલે કે એસ.એસ.આર.૨૦ દરમ્યાન નવા નોંધાયેલા મતદારો પૈકી જેમને ફોર્મ નં.૬ સાથે પોતાના મોબાઈલ નંબર રજીસ્ટર કરાવેલ હશે, તેવા મતદારો પોતાના મોબાઈલ કે ડેસ્કટોપ ઉપર nvsp પોર્ટલનો ઉપયોગ કરીને ચૂંટણી કાર્ડ ડાઉન

તદ્અનુસાર જિલ્લા કક્ષાએ ૧૨૧–બાલાસિનોર વિધાનસભા મતવિભાગમાં મતદાર નોંધણી અધિકારી તરીકે બાલાસિનોરના પ્રાંત અધિકારી વિમલ ચૌધરી, ૧૨૧–બાલાસિનોર મતવિભાગમાં મોતીસિંહ ચારણ અને ૧૨૩–સંતરામપુર(એસ.ટી.) વિધાનસભા મતવિભાગમાં મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે રાયસીંગ પી. ડીંડોર, ૧૨૨–લુણાવાડા વિધાનસભા મતવિભાગમાં બેસ્ટ નાયબ મામલતદાર તરીકે ધવલકુમાર ડી. જોષી, બેસ્ટ બી.એલ.ઓ. સુપરવાઈઝર તરીકે ૧૨૧–બાલાસિનોર મતવિભાગમાં કાલુસિંહ સુરાભાઈ પગી, ૧૨૨–લુણાવાડા વિધાનસભા મતવિભાગમાં ધર્મેન્દ્રસિંહ મોતીભાઈ એસ. બારિયા જયારે બેસ્ટ બેથ લેવલ ઓફિસર તરીકે ૧૨૧–બાલાસિનોર વિધાનસભા મતવિભાગમાં જેસાભાઈ ગોરાભાઈ પરમાર, ૧૨૨–લુણાવાડા વિધાનસભા મતવિભાગમાં કિશોરભાઈ જોરદાસ પટેલ અને ૧૨૩–સંતરામપુર(એસ.ટી.) મતવિભાગમાં નરેન્દ્રકુમાર પરસોતમભાઈ પ્રજાપતિને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો સહિત જિલ્લા–તાલુકાના અધિકારી–કર્મચારીઓએ દેશની લોકતાંત્રિક પરંપરાઓની અને મુકત, ન્યાયી તેમજ શાંતિપૂર્ણ ચૂંટણીઓની ગરિમા જાળવવાના તેમજ દરેક ચૂંટણીમાં નિર્ભયતાપૂર્વક અને ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરવા અંગેના શપથ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે પ્રાંત અધિકારી મોડિયા, પી.એન.પંડયા કોલેજના આચાર્ય સહિત યુવા મતદારો હાજર રહ્યા હતા.

# ૨૬ જાન્યુઆરી ! ભારતનો ગણતંત્ર દિવસ !

## ગણતંત્ર દિવસના ઉપલક્ષ્યમાં સર્વ રાષ્ટ્રપ્રેમી નાગરિકોને હાર્દિક શુભેચ્છા !

૨૬ જાન્યુઆરીના દિવસે આટલું ધ્યાનમાં રાખજો !

૨૬ જાન્યુઆરીના દિવસે આપણે સર્વત્ર રાષ્ટ્રધ્વજ ફરકાવીએ છીએ. મોટા મોટા ભાષણો આપીએ છીએ અને સાંજ પડે ત્યારે રાષ્ટ્રધ્વજ નીચે ઉતારીએ છીએ. પરંતુ બીજા દિવસે રાષ્ટ્રધ્વજ રસ્તા પર, નાળીઓં તેમજ ક્ચરાપેટીઓં દેખાઈ પડે છે. આપણે આપણા રાષ્ટ્રધ્વજનું સન્માન નથી કરતા અને દેશ માટે પ્રાણ ન્યોછાવર કરનારા ક્રાંતિકારીઓના નામોનું પણ આપણને વિસ્મરણ થયુંછે. રાષ્ટ્રભિમાની બનવા માટે આટલું અવશ્ય કરજો !

૧. ભારતના માનચિત્રને સાવચેતીથી હાથ લગાડવો !

૨. રાષ્ટ્રધ્વજનો અપમાન રોકીને તેનો સન્માન જાળવી રાખવો !

૩. દેશભક્તિ પર ગીતો સાંભળવા !

૪. ક્રાંતિકારકોના ચરિત્ર ગ્રથ વાંચવા અને અન્યોને ભેટ તરીકે આપવા !

૫. ક્રાંતિકારકોના ચરિત્ર–વ્યાખ્યાન અથવા ચલચિત્રોનું આયોજન કરવું !

૬. સંપૂર્ણ વંદે માતરમ્ પ્રત્યેક વિદ્યાલય, મહાવિદ્યાલય, વિશ્વવિદ્યાલય અને કાર્યાલયોમાં ગાવું !

૭. વાતચીત અંગ્રેજીમાં કરવાને બદલે રાષ્ટ્રભાષા હિંદીમાં અથવા તો માતૃભષામાં કરવી!

**રાષ્ટ્ર ભક્તિ વધારવા માટે શું કરશો ?**

રાષ્ટ્ર પ્રત્યે જો અભિમાન હશે, તો રાષ્ટ્રના પ્રતીકો વિશે પણ આપણા મનમાં આદર રહેશે. રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રગીત, રાષ્ટ્રીય ગીત વન્દે માતરમ્, રાષ્ટ્રનું માનચિહ્ન ઈત્યાદિ આપણા રાષ્ટ્રીય પ્રતીકો છે. તેમનું યથાયોગ્ય સન્માન કરવું, આપણું રાષ્ટ્રકર્તવ્ય છે. આપણા રાષ્ટ્રપ્રતીકોનું સન્માન કરવું અને જો ક્યાંય પણ તેનું અપમાન થઈ રહ્યું હોય, તો તેને રોકવું, તેથી આપણો રાષ્ટ્રપ્રેમ દેખાઈ આવશે.

**રાષ્ટ્રધ્વજનું સન્માન કેવી રીતે કરશો ?**

૨૬ જાન્યુઆરી અથવા ૧૫ ઑગસ્ટ ઊજવાઈ ગયા પછી આપણા દ્યાનમાં આવે છે કે રાષ્ટ્રધ્વજ સડકો પર, રસ્તાને છેડે અહીં–તહીં પડ્યા હોય છે. કેટલાક નાળામાં જાય છે તો કેટલાક પગતળે રગદોળાય છે.આપણું રાષ્ટ્રકર્તવ્ય સમજીને આજથી જ આપણે એવી પ્રતિજ્ઞા લઈએ કે રાષ્ટ્રધ્વજનું સન્માન કરવા માટે સદૈવ પ્રયત્નશીલ રહીશું . આપણા વર્ગમાં, વિદ્યાલયના પરિસરમાં, સડક પર કયાંય પણ જો રાષ્ટ્રધ્વજ પડેલો જોવા મળે તો તેને ઉપાડીને વિદ્યાલયમાં જમા કરીશું. આપણે પ્લાસ્ટિક અથવા કાગળના રાષ્ટ્રધ્વજનો ઉપયોગ નહીં જ કરીએ.પોતાના વાહન તેમજ કુર્તાના ખીસા પર પણ નહીં લગાડીએ. કેટલાક લોકો રાષ્ટ્રધ્વજને પોતાના મોઢા પર રંગાવી લેતા હોય છે, તો કેટલાક રાષ્ટ્રધ્વજ પ્રમાણે વસ્ત્ર પરિધાન કરે છે, જયારે કેટલાક રાષ્ટ્રધ્વજના રંગનો કેક કાપે છે. આ બાબત યોગ્ય નથી. જો આવું ક્યાંય પણ જોવા મળે, તો તેમ કરનારા લોકોને આપણે કહેવું જોઈએ કે તેમ કરવું અયોગ્ય છે અને તેનાથી આપણા રાષ્ટ્રધ્વજનું અપમાન થાય છે. કયાંક રાષ્ટ્રધ્વજને ઊલટો લટકાવવામાં આવે છે અથવા તેનું ઊલટું ચિત્ર દોરવામાં આવે છે, આ તો અક્ષમ્ય અપરાધ છે. જો રાષ્ટ્રગીત અથવા રાષ્ટ્રગીતની ધુન ક્યાંય પણ વગાડવામાં આવી રહી હોય, તો આપણે સાવધાન સ્થિતિમાં ઊભા રહેવું જોઈએ. એમ કરવું એટલે આપણા દ્વારા આપણા રાષ્ટ્ર પ્રત્યે બતાવેલું સન્માન છે. કેટલાક લોકો તે સમયે બેઠાં રહે છે. રાષ્ટ્રગીતની ધુન કેવળ ૫૩ સેકંડની હોય છે. શું આટલા ઓછાં સમય માટે પણ ઊભા રહેવા જેટલો રાષ્ટ્રપ્રેમ આપણામાં નથી ?કેટલાંક સંકેતસ્થળો પર અથવા અન્ય રાષ્ટ્રોમાં આપણા દેશનું માનચિહ્ન અયોગ્ય પદ્ધતિથી બતાવવામાં આવે છે. તેમાં કાશ્મીર, અરૂણાચલપ્રદેશના જે ભાગ ભારતમાં છે, તેમને અન્ય દેશોમાં બતાવવામાં આવે છે. દયાન રાખવું જોઈએ કે એમ કરવાથી લાગે છે કે તે ભાગ આપણા રાષ્ટ્રમાં નથી. આ પણ એક મોટો અપરાધ છે. આ કેવળ રાષ્ટ્રનું જ નહીં જયારે પ્રત્યેક નાગરિકનું અપમાન છે. આ દષ્ટિએ આપણે સહુકોઈએ સાવચેત રહેવું જોઈએ. આના દ્વારા રાષ્ટ્ર પ્રત્યે આપણા પ્રેમમાં પણ વૃદ્ધિ થશે.

**રાષ્ટ્રાભિમાન કેવી રીતે જાળવવું ?**

૧. વિદેશી માલને બદલે સ્મરણપૂર્વક આપણા દેશની આસ્થાપનાઓ (કંપનીઓ)માં બનાવેલી વસ્તુઓનો ઉપયોગ કરો.

૨. એકબીજા સાથે વાર્તાલાપ કરતી વેળાએ તે પોતાની માતૃભાષા અથવા રાષ્ટ્રભાષામાં જ કરવો. અભિવાદન, શુભેચ્છાઓ પણ આ ભષાઓમાં જ આપો. અંગ્રેજી શબ્દપ્રયોગ કરવા નહીં. જો સ્વાભાષાનું અભિમાન હશે, તો જ રાષ્ટ્રાભિમાન જાગૃત થાય છે.વિદ્યાર્થીઓ, ઉપર્યુકત કૃતિઓ એટલે રાષ્ટ્રાભિમાન દર્શાવનારાં કેટલાંક પ્રાતિનિધિક ઉદાહરણો જ છે. જો તેમાંની થોડી જ કૃતિઓનું આપણાથી આચરણ થઈ શકે, તો આપણે એમ કહી શકીશું કે, વાસ્તવિકરૂપથી જ આપણે ૨૬ જાન્યુઆરી એટલે કે ગણતંત્ર દિવસ ઊજવ્યો છે.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૨૬-૦૧-૨૦૨૧, મંગળવાર, પ્રજાસત્તાક દિન, પોષ સુદ-૧૪, સૂર્યોદય-૭-૨૯, સૂર્યાસ્ત-૬-૨૯, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્ર: આર્દ્રા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત-૧૨-૩૭થી ૧૩-૨૧ સુધી, ૧૦-૧૪ થી ચલ-લાભ-અમૃત-૧૪-૨૦ સુધી ૧૫-૪૦ થી શુભ-૧૭-૦૭ સુધી, લાભ-૨૧-૪૪ સુધી, ૨૩-૨૨થી શુભ-૨૪-૫૯ સુધી<br><br>- શુભ હોરા-<br>૯-૧૯થી ૧૨-૦૪ સુધી, ૧૨-૫૯થી ૧૩-૫૪ સુધી, ૧૫-૪૦થી ૧૮-૨૯ સુધી, ૧૯-૩૪ થી ૨૦-૩૯ સુધી |

# દૈનિક રાશીફળ

તા.૨૬.૦૧.૨૦૨૧ મંગળવાર

મેષ(અ.લ.ઈ.) :- મહત્વના કાર્યમાં અનુકુળતા રહેવાની નવી ઓળખાણ બાબત જાળવવું કર્જમાં રાહત રહે.

વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક કાર્યોમાં સ્નેહીજનોની મદદ મલવાની છે નોકરીમાં ચીવટ રાખવી ધાર્મિક કાર્યની રૂચીમાં વધારો થાય.

મિથુન(ક.છ.ઘ.) :- વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહેવાનું પ્રવાસ લાભદાયક રહેશે આર્થિક સમસ્યાઓ દૂર થવાની.

કર્ક(ડ.હ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થવાનો લાગણીઓને કાબુમાં રાખજો રચનાત્મક કાર્યમાં સફળતા.

સિંહ(મ.ટ.) :- અચાનક કોઈ નાણાકીય લાભ મલે મિલ્કતના પ્રશ્નોમાં ધીરજ રાખવી. આધ્યાત્મિક વિચારો અપનાવવા.

કન્યા(પ.ઠ.ણ.) :- આવકની સાથે ખર્ચ પણ રહેવાનો છે રહેણાકના મકાનમાં લકઝરી ફેરફારોની ઈચ્છા ફળવાની.

તુલા(ર.ત.) :- તમારૂ અજ્ઞાન છુપાવવા બીજાની ટીકા કરવાથી દૂર રહેજો અધિકારીઓ સાથે મતભેદો ટાળજો કર્જમાં રાહત રહે.

વૃશ્ચિક(ન.ય.) :- સંતાનોની પ્રગતિ માટે ઉત્તમ દિવસ રહેવાનો મિલ્કતના પ્રશ્નોમાં ઉતાવળ ન કરવી પ્રવાસમાં અનુકુળતા રહે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય. મહત્વના કાર્યો હાથ ઉપર આવે. કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો.

મકર(ખ.જ.) :- સામાજીક કાર્યોમાં સફળતા મલવાની વિદેશના પ્રવાસનું આયોજન થાય. કાર્યક્ષેત્ર વધારવાની ઈચ્છા ફળવાની.

કુંભ(ગ.શ.સ.) :- વાંચન પ્રત્યે રૂચી વધારજો. થોડી ધીરજ કેળવવી ગેબી શકિતની મદદ મલે. ઓફિસમાં લકઝરી ફેરફારો થાય.

મીન(દ.ચ.ઝ.) :- આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન તમારે રાખવાનું છે આળસવૃતિ ટાળજો સીઝનલ ધંધામાં લાભ રહેશે.

# દાહોદમાં રાજ્યપાલ-મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં કરાશે પ્રજાસત્તાક પર્વની ઉજવણી

દાહોદ, રાજ્યકક્ષાનાં ૭૨માં પ્રજાસત્તાક દિનની ઉજવણી દાહોદના નવજીવન આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના મેદાનમાં મુખ્યપ્રધાન વિજય રૂપાણી અને રાજયપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં કરવામાં આવશે. કોરોના વાયરસ અંગે સરકાર દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા પ્રમાણે માત્ર આમંત્રિતોની ઉપસ્થિતિમાં જ આ ઉજવણી કરવાનું સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવા માટે



જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. કોરોના વાયરસ અંગે સરકાર દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકાને અનુરૂપ આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમની ઉજવણી કોરોના વાયરસની સ્થિતિને ધ્યાનમાં રાખીને કાર્યક્રમમાં પ્રત્યક્ષ ઉપસ્થિતિની સંખ્યા પર નિયંત્રણ રાખીને કરવામાં આવે તેવી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર વિજય ખરાડીનાં કહેવા મુજબ, તા.૨૬ના રોજ આમંત્રિતોને સવારના ૮.૩૦ વાગ્યા પહેલા કાર્યક્રમ સ્થળે પ્રવેશ મેળવી લેવાનો રહેશે. માત્ર આમંત્રિતોને કાર્યક્રમના સ્થળે પ્રવેશ આપવામાં આવશે.ઉક્ત બાબતે કલેક્ટર વિજય ખરાડી અને એસપી હિતેશ જોયસરે સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે, કોરોના વાયરસ અંગે સરકાર દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકાને અનુરૂપ સમગ્ર આયોજન કરવામાં આવ્યું છે અને બેઠક વ્યવસ્થા પણ તેને અનુરૂપ ગોઠવવામાં આવી છે. ઉપસ્થિતોની સંખ્યા પણ બહુ જ મર્યાદિત રખાઈ છે. પ્રવેશ માટે બે દ્વારમાંથી માત્ર આમંત્રણ પત્રિકા ધરાવતા લોકોને જ પ્રવેશ આપવામાં આવશે અને આ બાબતનું ચોક્કસાઈથી પોલીસ દ્વારા પાલન કરાવવામાં આવશે. પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે કોલેજ ગ્રાઉન્ડ પર આવનાર આમંત્રિતો માટે કલર કોડ પ્રમાણે પ્રવેશ દ્વાર રાખવામાં આવ્યા છે

અને એ જ પ્રમાણે વાહન પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં રેડ કલર માટે રેલ્વેના મેદાનમાં, ગોલ્ડન અને સિલ્વર કલર માટે પોલીટેકનિક કોલેજ તથા ઈજનેરી કોલેજના મેદાનમાં વાહન પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોરોના અંગે આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકામાં ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આમંત્રિતો પણ પ્રવેશ વખતે સામાજિક અંતરનું પાલન કરે એ જરૂરી છે સાથે જ માસ્ક પહેરવું પણ ફરજિયાત છે. પાણી પીવા સમયે અથવા અન્ય કોઈ પ્રસંગે પણ કાર્યક્રમના સ્થળે સામાજિક અંતરનું પાલન કરવાનું રહેશે. ઉપરાંત સેનિટાઈઝરના ઉપયોગથી વારંવાર હાથ સાફ કરતા રહેવું પડશે.મુખ્યમંત્રી કે મંત્રીના વકતવ્યમાં સરકારની સિધ્ધિઓનો ઉલ્લેખ થઈ શકશે નહીં

## દાહોદના ઘાંચીવાડ વિસ્તારમાં શોર્ટ સર્કિટથી મકાનમાં આગ લાગતાં ઘર વખરી બળીને ખાખ થઈ : ત્રણ બાળકો ઈજાગ્રસ્ત થયા

દાહોદ, દાહોદ શહેરના ઘાંચીવાડા વિસ્તારના બેનસો પાસે આવેલા અનવર સલીમભાઈ પઠાણના રહેણાંક મકાનમાં અકસ્માતે શોર્ટ સર્કિટથી આગ ફાટી નીકળતા ઘરમાં મુકેલા, ઈલેક્ટ્રિક ઉપકરણો તેમજ ઘરવખરીનો સમાન બળી જવા પામ્યો છે. જોકે આ આગના બનાવમાં બે બાળકી તેમજ એક બાળક સહીત ત્રણ બાળકો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ઈજાગ્રસ્ત થતાં તેઓને ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.જોકે આગ લાગવાનું સાચું કારણ જાણી શકાયું નથી પરંતુ સ્થાનિકોના કહ્યા અનુસાર શોર્ટ સર્કિટના કારણે આગ બનાવ બન્યો હોવાનું કહેવાઈ રહ્યું છે.સવારના સમયમાં બનેલી ઘટનામાં ઘરમાં એકલા ત્રણ બાળકો દાઝયા

શહેરના ઘાંચીવાડા વિસ્તારમાં બનેલી ઘટનામાં ત્રણેય બાળકો દાઝયા હતા. સવારના સમયમાં બનેલી ઘટનામાં ત્રણેય બાળકોના પિતા કલર કામ કરતા હોવાથી વહેલી સવારના સમયમાં કલર કામ પર જતા રહ્યા હતા અને તેમની માતા બહાર શાકભાજી લેવા બહાર જતા ઘરમાં ૬ વર્ષીય અરમાન પઠાણ, ૪ વર્ષીય સારા પઠાણ તેમજ અઢી વર્ષીય આરફા પઠાણ મળી ત્રણેય બાળકો ઘરમાં એકલા હતા. અને આ બનાવ બનતા ત્રણેય બાળકો દાઝી ગયા હતા.જોકે સ્થાનિક લોકોએ તાત્કાલિક ત્રણેય બાળકોને સારવાર માટે હોસ્પિટલ લઈ દોડ્યા હતા.

## લીમખેડાના પાણીયા ગામેથી સ્કોર્પીયો ગાડી માંથી ૨.૪૦ લાખના મુદ્દામાલ સાથે દારૂ ઝડપ્યો

દાહોદ, લીમખેડા તાલુકાના પાણીયા ગામે એલ.સી.બી.પોલીસને મળેલ બાતમીના આધારે વોચ ગોઠવી ઉભા હતાં તે સમયે બાતમી દર્શાવેલ એક સ્કોર્પિયો ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસે તેનો ફિલ્મી ઢબે પીછો કરી સ્કોર્પિયો ગાડીના ચાલકને ગાડી સાથે ઝડપી પાડી ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૨૦૧૮ કિંમત રૂ.૨,૪૦,૨૦૦ના જંગી જથ્થા સાથે ગાડી મળી કુલ રૂ.૫,૪૬,૨૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે લીધાનું જાણવા મળે છે.દાહોદ જિલ્લામાં પ્રોહીની અસામાજીક પ્રવૃતિઓને અંકુશમાં લાવવા દાહોદ જિલ્લા પોલીસ એક્શનમાં આવી છે અને તેના ભાગરૂપે દાહોદ એલ.સી.બી.પોલીસ પણ સતર્ક બની છે. આ દરમ્યાન દાહોદ એલ.સી.બી.પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ મોડીરાત્રીના સમયે લીમખેડા તાલુકાના પાણીયા ગામે વોચ ગોઠવી ઉભા હતાં તે સમયે બાતમીના દર્શાવેલ એક સ્કોર્પિયો ગાડી ત્યાંથી પસાર થતાં તેને ઉભી રાખવાનો ઈશારો કરતાં ચાલકે ગાડી ભગાવી હતી અને તે સાથે જ એલ.સી.બી.પોલિસે આ સ્કોર્પિયો ગાડીનો પીછો કરી ઉમેદપુરા જવાના રસ્તા પરથી સ્કોર્પિયો ગાડીના ચાલકને ગાડી સાથે દબોચી લઈ તેનું નામ પુછતાં ચાલકે પોતાનું નામ અંકિતભાઈ લક્ષ્મણભાઈ પટેલ (રહે.પંચેલા, રેલ્વે કોલોની બાજુમાં,તા.દેવગઢ) જણાવ્યું હતું. આ બાદ પોલીસે સ્કોર્પિયો ગાડીની તલાસી લેતાં પોલીસ પણ ચોંકી ઉઠી હતી અને ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ.૨૦૧૮ જેની કિંમત રૂા.૨,૪૦,૨૦૦ના પ્રોહી જથ્થા સાથે મોબાઈલ ફોન નંગ.૨ કિંમત રૂા.૬૦૦૦ અને સ્કોર્પિયો ગાડીની કિંમત મળી કુલ રૂા.૫,૪૬,૨૦૦ના મુદ્દામાલ સાથે ઉપરોકત ચાલક વિરૂધ્ધ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીઆ શહેરમાં કરોડો રૂપીયા ખર્ચે બનતો આર.સી.સી.રોડમાં સળીયા વપરાતા નથી : કોણ જવાબદાર છે ?

દે.બારીઆ, દે.બારીઆ શહેરમાંનો દરેક વિસ્તારોમાં આર.સી.સી.રોડ બનાવવામાં આવે છે. અગાઉપણ આર.સી.સી.રોડ બનાવવામાં આવ્યાહતા. તેમાં સ્ટીલ તેમાં સ્ટીલના સળીયાનો ઉપયોગ થયો હતો. ગુજરાતની ગતિસીલ સરકાર શહેરો તથા નગરોનો વિકાસ થાય તેમજ નગરજનોની પ્રાથમિક સુવિધા મળે તેવા ઉમદા હેતુ સાથે સરકારના દ્વારા માતબર રકમની ગ્રાન્ટ ફાળવે છે. આ ગ્રાન્ટ શહેર માટે સુવિધા પુરી પાડવા માટે જ ગ્રાન્ટની ફાળવણી થઈ છે પરંતુ આ



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

ગ્રાન્ટ નગરજનોની સુવિધા આપવાને બદલે કઈ થી કટકી મળે છે. તેની શોધમાં દરેકની નજર હોય છે.પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆ શહેરના બગીચા થી નાના તળાવનો અને બે તળાવોના વચ્ચેનો આર.સી.સી. ૧૪મી ફિન યોજનામાં ૪૪,૮૩,૦૦૦/- જેટલી માતબર રકમનો ૩-૪ વોર્ડમાં ખાતમૂર્હતની યાદીના અનું નં.૨૪ મુજબનો આ રોડની રકમ વાપરવાની છે. જેમાં હાલ કાર્ય પણ ચાલુ થઈ ચુકયું છે પરંતુ રોડના મટીરીયલમાં સ્ટીલના સળીયા ગાયબ છે. આસપાસ રોડની સાઈડમાં સ્ટીલના સળીય કયાંય દેખાવા મળતા નથી.આ રોડને જીસીબીના દ્વારા ખોદીને તે જુના આર.સી.સી.ના મટીરીયલ ઉપર નવિન રોડનું કાર્ય કરવામાં આવે છે. આ કેવી રીતે વ્યાજબી ગણવા તે તપાસનો વિષય છે શું ? ટેન્ડરમાં સ્ટીલના સળીયા વાપરવાનો ઉલ્લેખ નથી. તે તંત્ર અને કોન્ટ્રાકટરને ખબર આવા કોન્ટ્રાકટને પ્રતિબંધની ક્ષેણીમાં કેમના મૂકવો જોઈએ. તે યક્ષ પ્રશ્ન છે. તેમજ નગર પાલિકાના બાંધકામના ઈજનેરને શું ? આ કાર્ય અંગે વાકેફ નથી કે પછી મેળાપીપણા થી આંખ આડા કાન કરાઈ રહ્યા છે. આ કાર્ય અંગે વડોદરા ઝોન કમિશ્નર આ અંગે સંગયાન લેશે કે પછી તેઓ પણ આંખ આડા કાન કરવાનું મન બનાવીને બેઠા છે. તે તો આવનારો સમય બતાવશે. શહેરી વિકાસના કમિશ્નર આરોડાની તપાસ ચલાવશે ખરા ?

## ઝાલોદના લીમડી ચાકલીયા બાયપાસ રોડ ઉપરથી સ્કોર્પીયો માંથી ૧.૪૫ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ, ઝાલોદ તાલુકાના લીમડી – ચાકલીયા બાયપાસ ચોકડી પાસેથી એલ.સી.બી. પોલીસે સ્કોર્પિયો ગાડીમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૧૯૨૦ કિંમત રૂા.૧,૪૫,૯૨૦ તેમજ ગાડીની કિંમત મળી કુલ રૂા.૩,૪૫,૯૨૦નો મુદ્દામાલ કબજે લઈ ચાલકની અટક કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૨૩મી જાન્યુઆરીના રોજ દાહોદ એલ.સી.બી.પોલીસને મળેલ બાતમીના આધારે ઝાલોદ તાલુકાના લીમડી – ચાકલીયા ચોકડી પાસે વોચ ગોઠવી નાકાબંધી કરી ઉભા હતા તે સમયે બાતમીના દર્શાવેલ એક સ્કોર્પિયો ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને નજીક આવતાની સાથે ગાડીના ચાલકને ગાડી સાથે દબોચી લઈ ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટ બોટલો નંગ.૧૯૨૦ કિંમત રૂા.૧,૪૫,૯૨૦ ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા.૩,૪૫,૯૨૦નો મુદ્દામાલ કબજે લઈ આ સ્કોર્પિયો ગાડીના ચાલક ભાવેશભાઈ સનીયાભાઈ સંગાડા (રહે.ઠક્કરબાપા સોસાયટી,ઝાલોદ)ની અટકાયત કરી તેની સામે પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીઆની મોટી ખજુરીની સગીરાને લગ્નની લાલચે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ, દેવગઢ બારીઆ તાલુકાના મોટી ખજુરી ગામેથી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળી રહ્યું છે.

દેવગઢ બારીઆ તાલુકાના દેગાવાડા ગામે રહેતો વિનોદભાઈ ધોળાભાઈ કોળીએ ગત તા.૧૮મી જાન્યુઆરીના રોજ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પોતાની પ્રેમજાળમાં ફસાવી, લગ્ની કરવાની લાલચ આપી પત્નિ તરીકે રાખવાના ઈરાદે અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા આ સંબંધે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

૭૨માં પ્રજાસત્તાકદિનની શુભેચ્છા...

શ્રી જશવંતસિંહ ભાભોર
સંસદ સભ્યશ્રી
દાહોદ.

૭૨માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...

શ્રી શૈલેષભાઈ ભાભોર
ધારાસભ્ય, લીમખેડા.
જી.દાહોદ

૭૨માં પ્રજાસત્તાકદિનની શુભેચ્છા...

રમેશભાઈ ભુરાભાઈ કટારા
ધારાસભ્ય, ફતેપુરા,
જી.દાહોદ

૭૨માં પ્રજાસત્તાકદિનની શુભેચ્છા...

બચુભાઈ એમ. ખાબડ
ગ્રામ ગૃહ - ગ્રામ વિકાસ
પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી (ગુજરાત રાજ્ય)
તા. ધાનપુર, જી. દાહોદ

૭૨માં ગણતંત્ર પર્વ નિમિતે
મારા વ્હાલા મતદાતાઓને ખૂબ ખૂબ
અભિનંદન પાઠવું છું
ઝહિરઅલી
એમ.મકરાણી

જીલ્લા કોંગ્રેસના મંત્રી,
વોર્ડ નં.૬ના કાઉન્સીલર.
તા.દે.બારીઆ,
જી. દાહોદ

૭૨માં પ્રજાસત્તાક
દિનની શુભેચ્છા...

અક્ષયકુમાર.આર.સુથાર
તા.દે.બારીઆ,જી.દાહોદ.

૭૨માં પ્રજાસત્તાક
દિનની શુભેચ્છા...
દેવગઢ બારીઆ નગરપાલિકા
રાઠોડ રવિન્દ્રસિંહ કિશોરસિંહ
કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર (નગર પાલિકા)
પ્રદેશ ઉપપ્રમુખ
અખિલ ગુજરાત નગરપાલિકા કર્મચારી મંડળ,
ગુજરાત રાજ્ય.
મો.નં.૮૦૦૦૦૦૧૦૪૮.
મુ.દે.બારીઆ,
જી.દાહોદ.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 131

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટિલ દ્વારા નવીન ભાજપ કાર્યાલય કમલમનું ઉદઘાટન




ગોધરા, પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે નવીન ભાજપ કાર્યાલય– કમલમના ઉદઘાટન અને સરપંચ સંમેલન પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે ભાજપ પરિવારની નહીં, પરંતુ કાર્યકર્તાઓની પાર્ટી છે અને આ કાર્યકર્તાઓ સત્તા માટે નહીં પરંતુ ભારતમાતાનો જયઘોષ સાંભળવા માટે કાર્યરત છે, જે કોંગ્રેસ અને ભાજપની વચ્ચે પાયાનો ફરક છે. સત્તાની લાલચે કોંગ્રેસને લૂણો લગાડ્યો છે અને તેના કાર્યકરો પ્રજાથી, સમાજથી વિમુખ થઈ ગયા છે, જ્યારે ભાજપનો કાર્યકર્તા લોકશાહીને વરેલો, રાષ્ટ્રવાદમાં શ્રદ્ધા ધરાવતો, મૂલ્યનિષ્ઠ રાજનીતિ અને સામાજિક સમરસતાના ગુણો ધરાવતો સર્વધર્મ સમભાવમાં માનતો કાર્યકર છે અને તેના કારણે જ આજે પાલર્મિન્ટથી પંચાયત સુધી પક્ષને સત્તા મળી છે. નવીન કાર્યાલય કમલમ પંચમહાલની પ્રજાના પ્રશ્નો ઉકેલવા માટે કાર્યકરોને ઉત્તમ માળખાકીય સુવિધા પૂરી પાડશે તેમ જણાવતા મુખ્યમંત્રીએ સરકારે કરેલી કામગીરી છેવાડાના માનવી સુધી પહોંચાડવા અને આગામી જિલ્લા પંચાયત–તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં તમામ બેઠકો જીતવા માટે સક્રિય થવા હાકલ કરી હતી.

વર્તમાન સરકારના નેતા, નિતી અને નિયતી ચોખ્ખા હોવાનું જણાવતા મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે બે દાયકાથી વધુનું શાસન હોવા છતા કાર્યકરોએ શરમાવવું પડે તેવું એક પણ કામ થયું નથી. રાજ્ય ભ્રષ્ટાચાર મુક્ત બને તમામ વ્યવસ્થા પારદર્શક બને તે માટે સરકારે લીધેલા પગલાઓની રૂપરેખા આપતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે લેન્ડગ્રેબિંગ એક્ટ લાવી, પાસાના કાયદાને કડક બનાવી સરકારે અસામાજિક તત્વોને, ભૂમાફિયાઓને કડક સંદેશો આપ્યો છે. ખેડૂતો–વંચિતો, મહિલાઓ, શોષિતો–ગરીબોના કલ્યાણ માટે સરકારે સાત પગલા ખેડૂત કલ્યાણના, કિસાન સૂર્યોદય યોજના, વિના મૂલ્યે પાક વીમા સહાય, ટેકાના ભાવે ખરીદી, ડિજીટલ સેવાસેતુ, મા અમૃતમ–વાત્સલ્ય કાર્ડ યોજના, આયુષ્માન ભારત યોજના સહિતના લીધેલા પગલાઓનો ઉલ્લેખ કરતા પક્ષના કાર્યકરોને ભારત માતા જગતજનની બને અને ગરીબી, બેકારી, ભૂખ અને ભ્રષ્ટાચાર મુક્ત નવા ભારતના નિર્માણની દિશામાં પ્રવૃત થવા જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આગામી ચૂંટણીમાં પક્ષનો વિજય નિશ્ચિત છે પરંતુ તેને વધુ મોટો બનાવવા પોતાની જવાબદારી સમજી કાર્યકરોએ કોઈ સંશય વગર સંનિષ્ઠપણે કાર્યરત થવાનું છે. ગદુકપુર ખાતે ૪૦૦થી વધુ સરપંચોના આ સંમેલનમાં બ્યુગલ વગાડીને પ્રદેશ ભાજપની શીર્ષ નેતાગીરીની ઉપસ્થિતિમાં નગરપાલિકા–પંચાયતોની ચૂંટણી માટે પ્રચારના ગણેશ પણ કરવામાં આવ્યા હતા.

આ અગાઉ, નવ નિર્મિત ભાજપ કાર્યાલય કમલમનું મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ અદયક્ષ સી.આર.પાટિલ, સહપ્રભારી અને સાંસદ સુધીર ગુપ્તા, મંત્રીમંડળના સભ્યો તેમજ સંગઠનના અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિમાં મંત્રોચ્ચારના ગાન સાથે દીપપ્રાગટ્ય કરી ઉદઘાટન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે જ વર્ષ ૨૦૧૮માં આ કાર્યાલયનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું.



હડફ મોરવા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય સ્વ ભુપેન્દ્રભાઈ ખાંટ ના બેસણા માં આજ રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ હાર્દિકભાઈ પટેલ તેમજ સમગ્ર પંચમહાલ જિલ્લા કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને પરિવારજનોને સંવેદના વ્યકત કરી હતી

## હાલોલમાં નાની ઉભરવાણ ગામે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં એક વ્યકિતનું મોત

હાલોલ, હાલોલ તાલુકાના નાની ઉભરવાણ ગામે પુલ નજીક બે બાઈકો વચ્ચે અકસ્માત સર્જાતા એક બાઈક ચાલકનું મોત નિપજાવા પામ્યું છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના નાની ઉભરવાણ ગામે પુલ નજીક થી પસાર થતી બાઈક નં. જીજે.૧૭.બીએફ.૬૨૯૪ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી હતી અને સામેથી આવતી બાઈક નં.જીજે.૧૭.બીએફ.૮૦૫૩ને અથડાવીને અકસ્માત સર્જાયો હતો. બે બાઈકો વચ્ચે થયેલ અકસ્માતમાં કમલેશભાઈ કનુભાઈ બારીઆ ઉ.વ.૩૦ને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે મોત નિપજાવ્યું હતું અને આરોપી બાઈક ચાલક બાઈક મૂકી નાશી જઈ ગુનો કરતાં આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલ જીલ્લાકક્ષાના ૭૨ મા પ્રજાસત્તાક પર્વની ગોધરા ખાતે કરાશે




ગોધરા, પંચમહાલ જીલ્લામાં ૭૨ મા પ્રજાસત્તાક પર્વની જીલ્લાકક્ષાની ઉજવણી ગોધરા પોલીસ ગ્રાઉન્ડ ખાતે રાજ્ય ગૃહમંત્રીની ઉપસ્થિતીમાં ઉજવણી કરવામાં આવશે.

પંચમહાલ જીલ્લાના ગોધરા ખાતે પોલીસ ગ્રાઉન્ડ ખાતે ૭૨ મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાશે. પ્રજાસત્તાક પર્વ એ ધ્વજવંદન કાર્યક્રમમાં રાજ્યના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાના વરદ્દહસ્તે ધ્વજ વંદન કરવામાં આવશે. ગોધરા પોલીસ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર પ્રજાસત્તાક પર્વ એ પોલીસ પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ભવ્ય અને શાનદાર ઉજવણી કરાશે.

## ગોધરા ખાતે અખિલ ભારત હિન્દુ મહાસભાની મીટીંગમાં વિવિધ રાજકીય પાર્ટીના કાર્યકર્તા જોડાયા

ગોધરા, ગોધરા ખાતે અખિલ ભારત હિન્દુ મહાસભાની મીટીંગ કરવામાં આવી હતી. જેમાં કોંગ્રેસ પક્ષ માંથી ગોધરા શહેરના મંત્રી કેયુર. આર.ચૌહાણ અને કોંગ્રેસના યુવા મોરચાના પૂર્વ મંત્રી વેદાંતસિંહ તથા ભા.જ.પા.ના પૂર્વ જીલ્લા યુવા મહામંત્રી વનરાજસિંહ સોલંકી તથા એન.સી.પી.ના પ્રદેશ મંત્રી ઉમંગભાઈ પટેલ આજરોજ પક્ષને મજબુત કરવાના હેતુથી જોડાયા છે. અને આવતા સમયમાં સંગઠનને મજબુત કરવામાં મદદરૂપ થશે.

Anjani Sutay Education & Charitable Trust

President Patel Rajeshbhai S. Mo.8320066323 Mo.9909233030
Vice President Patel Sheelaben R. Mo.7777918875
Comittee Member Abhishek Patel Mo.9638490964 Mo.7016328095
Comittee Member Shailesh Patel Mo.9979857441
Register under :-
1 Trust Act 1950 - (F/3015/PANCHMAHAL)
2. Societies Act 1860 - (GUJ/3050/PANCHMAHAL)
3. NITI Ayog - (GJ/2017/0150927)
4. 12AA of IT Act - (AHMEDABAD/12AA/2018-19/A/10283)
5. 80 (G) of IT Act - (AHMEDABAD/80G/2019-20/A/11153)
81, Sahjanand Society, Ankleshwar Mahadev Road, GODHRA. Dist. Panchmahal. E-mail : anjanisutay3030@gmail.com

૭૨માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
મોહમ્મદ ફીરદોસ કોઠી
ફર્મ : કોઠી સ્ટીલ
વેજલપુર રોડ, ગોધરા


HAPPY REPUBLIC DAY
GUJARAT FLUROCHEMICALS
REFRON-11, REFRON-12, REFRON-22
UNDER TECHNICAL COLLABORATION
1. AIR CONDITIONING& REFRIGRATION
2. AEROSOL SPRAY 3. BLOWING OF POLYURETHANE(P.U.F)
4. AGRO CHEMICALS ETC
-: WORKS :- SURVEY NO 16/3,3,26,27 RANJITNAGAR 389380 TALUKA GHOGAMBA, Dist.: PANCHMAHAL PH.02676-248107, 248152, FAX: 02676-248153
-: HEAD OFFICE :- ABS TOWERS 2ND FLOOR, OLD PADRA ROAD, VADODRA :390007 PH.0265-2330057 FAX: 0265-2331607

૭૨માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
પથનપુર ગ્રામ પંચાયત
: સરપંચ : નાયકગલીબેન.જે. : ડે.સરપંચ : બારીયા મણીબેન એમ.
: તલાટી/મંત્રી : ભાભોર ઉસ્મીતાબેન આર.
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ.પથનપુર તા.મોરવા(હ)

૭૨માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ખુદરા ગ્રામ પંચાયત
: સરપંચ : રમેશભાઈ ગલાભાઈ : ડે.સરપંચ : પટેલ આરતભાઈ બળવંતભાઈ
: તલાટી/મંત્રી : ભાભોર ઉસ્મીતાબેન આર.
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ.પથનપુર તા.મોરવા(હ)

૭૨માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
કેસરી ઓટો

દરેક જાતની મોટર સાઈકલ રીપેરીંગના સ્પેશ્યાલીસ્ટ ...થા ઓટો કન્સટન્ટ
પોલન બજાર, સ્ટેશન રોડ,ગોધરા
મો. ૯૮૨૫૦૪૪૧૮૮, ૯૪૨૭૦ ૫૭૬૫૭
૯૮૨૫૨ ૪૪૧૮૮ ફોન નં.૦૨૬૭૨-૨૪૨૯૭૫,૨૪૨૧૪૧


૭૨માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...

શ્રી ગોપાલભાઈ શેઠ (હાલોલ), મહામંત્રી ભારતીય જનતા પાર્ટી, પંચમહાલ

૭૨માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
બોરચાવી ગ્રામ પંચાયત
: સરપંચ : જનાભાઈ જે. નાયક : ડે.સરપંચ : ચંદ્રીકાબેન જે. ખાંટ
: તલાટી/મંત્રી : શૈલેષભાઈ બામણીયા
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ.બોરચાવી, તા.શહેરા

૭૨માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
સાજીવાવ ગ્રામ પંચાયત
: સરપંચ : કૈલાશબેન એ. ખાંટ : ડે.સરપંચ : સુરેખાબેન આર.પટેલ
: તલાટી/મંત્રી : શૈલેષભાઈ બામણીયા
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ.સાજીવાવ, તા.શહેરા

૭૨માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ભોટવા ગ્રામ પંચાયત
: સરપંચ : કાળુભાઈ બી. બારીઆ : ડે.સરપંચ : નરવતભાઈ એલ. બારીઆ
: તલાટી/મંત્રી : પ્રવિણભાઈ
તા.શહેરા
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૨ માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
અણીયાદ ગ્રામ પંચાયત

: ધારાસભ્ય, શહેરા : જેઠાભાઈ ભરવાડ (આહિર)
તથા તમામ ગ્રામ પંચાયતના સભ્યો તરફથી શુભેચ્છાઓ...
મુ.અણીયાદ, તા.શહેરા
: સરપંચ : ઘનશ્યામભાઈ.જે. ભરવાડ (આહિર)
:ડે.સરપંચ: ગીતાબેન આર.રાઠોડ
:તલાટી/મંત્રી : દલપતસિંહ ખાંટ